# GOGAJI MARA LYRICS | RAJAL BAROT

હે હે ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા
હે હે ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા
એ હલકે હાલોન પોણી છલકે ગોગાજી મારા
હે ગંગા ને ઘાટે હોના ની પાટે
ગંગા ને ઘાટે હોના ની પાટે
હે હે મણધિર મહારાજ જોયા ગોગાજી મારા
હે હે ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા

ગોગાની પોચમ ના દાડા રે આયા
ગોગાને અમે મળવા ને આયા
હો હો ગંગા જમના ના અમે નીર ભરી લાયા
મારા ગોગા એ અમને હસી ને બોલાયા
હે એવા રાફડા નો રોમ સે વાલુ એવું નોમ સે
રાફડા નો રોમ સે વાલુ એવું નોમ સે
હે હે ગંગા જળ ના છોટડા છંટાવું ગોગાજી મારા
હે હે ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા

હે દુનયિા માં દેખાતો દેવ મારો ગોગો
મારા મલક નો એતો છે મોભો
હો હો ગુજરાત ના ગોમે ગોમ બેઠો મારો ગોગો
પૂજે સે એને દુનયિા ના લોકો
હે મારો ધરતી નો ધણી માથે સે મણી
ધરતી નો ધણી માથે સે મણી
હે એના અજવાળે અમે રમતા ગોગાજી મારા
હે હે ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા

હે ઉનાવા ના ગોગાની અમારે ઓળખેણ છે
જીવ થી વાલુ મારા ગોગાજી વેણ છે
હો હો ગોગાના ઘર ની જૂની ખારેન છે
સાથ પેઢી થી જબરી લેણ દેણ છે

હે શકરાભા ની સાથે નેહડા ની વાટે
શકરાભા ની સાથે નેહડા ની વાટે
હે હે કરશન બાપા ના વાલુ ગોગાજી મારા
હો ઈતર પતિર ના મારા બેડાં ગોગાજી મારા
એ હલકે હાલોન પોણી છલકે ગોગાજી મારા

More Lyrics on Gujarati Lyrics.com